23

# N O T I F I C A T I O N

Home Department
Sachivalaya, Gandhinagar
Dated 31-12-77

Code of Criminal Procedure, 1973.

NO. GG/278/CRC-1077-4734-M:- In exercise of the powers conferred by sub-section (1) of section 20 of the Criminal Procedure Code, 1973, in its application to the State of Gujarat, the Government of Gujarat hereby appoints all persons now or hereafter, permanently or temporary, holding the office of the Deputy Mamlatdar as Executive Magistrates in the respective District to which they may be posted for such time as they hold the aforesaid office.

By order and in the name of the Governor of Gujarat,

A.S Patwari
Under Secretary to Government.

To

All District Magistrates.
The Legal Department.
The Revenue Department.
The Manager, Government Central Press, Gandhinagar with a request to publish this notification in Part-IV-A of Gujarat Government gazettee without translation.
5 copies of the notification may be sent to Government.

Select file.

SOV/16679/75 copies
dt. 27.12.77.

ગૃહ વિભાગ
જા હે ર ના મું
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૭.૯.૧૯૮૯

વંચાણમાં લીધો:-

(૧) કાયદા વિભાગનો જાહેરનામા ક્રમાંક:જીકે/૫૦૦/સીઆરસી/૧૦૭૪/૧/ડી,
તા: ૧-૪-૭૪.

(૨) કાયદા વિભાગ જાહેરનામા ક્રમાંક:જીકે/૫૦૩/સીઆરસી/૧૦૭૪/૧/ડી,
તા: ૧-૪-૭૪.

(૩) કાયદા વિભાગ જાહેરનામા ક્રમાંક:જીકે/૫૦૪/સીઆરસી/૧૦૭૪/૧/ડી,
તા: ૧-૪-૭૪.

(૪) કાયદા વિભાગ, જાહેરનામા ક્રમાંક:જીકે/૫૦૫/સીઆરસી/૧૦૭૪/૧/ડી,
તા: ૧-૪-૭૪.

(૫) કાયદા વિભાગ જાહેરનામા ક્રમાંક:જીકે/૫૦૬/સીઆરસી/૧૦૭૪/૧/ડી,
તા: ૧-૪-૭૪.

(૬) કાયદા વિભાગ, જાહેરનામા ક્રમાંક:જીકે/૫૦૭/સીઆરસી/૧૦૭૪/૧/ડી,
તા: ૧-૪-૭૪.

(૭) ગૃહ વિભાગ જાહેરનામા ક્રમાંક:જીજી/૨૭૮/સીઆરસી/૧૦૭૭/૪૭૩૪/ગ,
તા: ૩૧-૧૨-૭૭.

(૮) ગૃહ વિભાગ જાહેરનામા ક્રમાંક:જીજી/૧૮૩/સીઆરસી/૨૧૮૦/૧૯૬૧/ગ,
તા: ૩૦-૭-૮૦.

(૯) ગૃહ વિભાગ, જાહેરનામા ક્રમાંક:જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/૧૦૮૦/ગ,
તા: ૮-૧૧-૮૨.

(૧૦) ગૃહ વિભાગ, જાહેરનામા ક્રમાંક:જીજી/૨૮/સીઆરસી/૧૦૮૫/૩૧૦૫/અ,
તા: ૧૦-૭-૮૭.

ક્રમાંક: જીજી/ ૬ /ફકર/૧૦૮૮/૬૭૫૦/અ,

સરકારશ્રીએ ઉપરોક્ત વિષય અંગે વખતો વખત જાહેરનામા પ્રસિદ્ધ કરીને હુકમો કરેલ છે, વહીવટી સરળતા ખાતર આ હુકમોને એકત્રિત કરી, સંકલિત રૂપે જાહેરનામું બહાર પાડવાનું હોઈ તે અનુસાર મહેસૂલ ખાતાના તેમજ પોલીસ ખાતાના અધિકારીઓને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) અન્વયે એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ તરીકે નિમવા અંગેના આમુખમાં જણાવેલ હુકમોને સંકલિત નીચે પ્રમાણે સંકલિત કરવામાં આવે છે :-

282

..... ૨ .....

(૧) અમદાવાદના પોલીસ કમિશ્નર, સઘળા નાયબ પોલીસ કમિશ્નર અને સઘળા પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટને અમદાવાદ શહેરના મેટ્રોપોલીટન વિસ્તાર માટે એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ તરીકે નિમેલ છે, અને તેમને ક્રીમીનલ પ્રોસીજર કોડ નીચેની એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની (જીલ્લા મેજીસ્ટ્રેટની સિવાયની) સઘળી સત્તાઓ અમદાવાદ શહેર મેટ્રોપોલીટન વિસ્તાર માટે સોંપવામાં આવેલી છે.

(૨) અમદાવાદના કલેકટરને અમદાવાદ શહેરના મેટ્રો-પોલીટન વિસ્તારમાં એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ તરીકે તથા સદરહુ વિસ્તારના જીલ્લા મેજીસ્ટ્રેટ તરીકે નિમાયામાં આવેલા છે.

(૩) અમદાવાદના સીટી ડેપ્યુટી કલેકટર તથા અમદાવાદ સીટી તાલુકાના મામલતદારને અમદાવાદ શહેરના મેટ્રોપોલીટન વિસ્તારમાં એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ તરીકે નિમવામાં આવેલા છે.

(૪) સરકારી જાહેરનામા, કાયદા વિભાગ ક્રમાંક:જીકે/૫૦૦/સીઆરપીસી/... ૧/ડી, તા: ૧-૪-૭૪ થી અમદાવાદ શહેરના મેટ્રોપોલીટન વિસ્તાર માટે એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ તરીકે નિમવામાં આવેલ. અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર, સઘળા નાયબ પોલીસ કમિશ્નર, અને સઘળા પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટોને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ ની સત્તાઓ વાપરવા માટે ખાસ અધિકૃત કરવામાં આવે છે.

(૫) અમદાવાદ પોલીસ કમિશ્નર, સઘળા નાયબ પોલીસ કમિશ્નર અને સઘળા પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટને અમદાવાદ જીલ્લામાં એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ તરીકે નિમેલા છે અને તેમને આ કોડની કલમ-૧૪૪ની સત્તાઓ વાપરવા માટે ખાસ અધિકૃત કરવામાં આવેલા છે.

(૬) ૧૮૭૯ ના બોમ્બે લેન્ડ રેવન્યુ કોડના હેતુઓ માટે તાલુકા મથક ઉપર મામલતદાર તરીકે કાયમી કે હંગામી ધોરણે નિમાયેલ કે હવે પછી નિમાનાર મામલતદારોને જે જીલ્લામાં નિમવામાં આવેલા હોય તે જીલ્લા પુરતા અને તે

જ્યાં સુધી તે જગ્યાનો હવાલો ધરાવે ત્યાં સુધીના સમય માટે તે જીલ્લા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટસ તરીકે નિમવામાં આવેલા છે.

(૭) નાયબ મામલતદાર તરીકેનો કે હવે પછી હવાલો ધરાવનાર સઘળી કાયમી કે હંગામી વ્યક્તિઓ જે જીલ્લામાં અને જે જિલ્લામાં નિમાયેલ હોય તે જિલ્લા પુરતા અને તે હવાલો ધરાવે ત્યાં સુધીના સમય પુરતો તેઓને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટસ તરીકે નિમણુંક આપવામાં આવેલી છે.

(૮) કાયમી કે હંગામી ધોરણે જે તે જિલ્લામાં નિમાયેલ કે હવે પછી નિમાનાર સર્કલ અધિકારીઓને તેમના જીલ્લા પુરતા અને તે જગ્યાનો હવાલો ધરાવે ત્યાં સુધીના સમય માટે એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટસ તરીકે નિમવામાં આવેલા છે.

(૯) અમદાવાદના અધિક પોલીસ કમિશ્નર તથા રાજકોટ, વડોદરા અને સુરતના પોલીસ કમિશ્નર, સઘળા નાયબ પોલીસ કમિશ્નરો અને સઘળા પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ અને અનુક્રમે અમદાવાદ શહેર તથા રાજકોટ, વડોદરા અને સુરત શહેર માટે એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટસ તરીકે નિમવામાં આવેલા છે. અને તેઓને ક્રિ.પો.કોડની કલમ-૧૪૪ ના અધિકારીઓનો ઉપયોગ કરવા સારૂં ખાસ અધિકૃત કરવામાં આવેલા છે.

(૧૦) સરકારી જાહેરનામા, કાયદા વિભાગ ક્રમાંક:જીકે/૫૦૬/સીઆરસી/૧૦૭૪/૧/ડી, તા: ૧-૪-૭૪ થી એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ તરીકે નિમવામાં આવેલ અમદાવાદના પોલીસ કમિશ્નરને ક્રિ.પો.કોડની કલમ-૨૦ હેઠળની પેટા કલમ-(૨) અનુસાર અમદાવાદ શહેરના મેટ્રોપોલીટન વિસ્તાર માટે અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ તરીકે નિમવામાં આવે છે, અને કલમ-૨૩ હેઠળની પેટા કલમ-(૨) અન્વયે તેના નિયંત્રણ હેઠળના એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટો વચ્ચે કામગીરીની વહેંચણી કરવાની સત્તા આપવામાં આવેલી છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( હરીશકવાણા )
સરકારના ઉપસચિવ.

પ્રતિ,
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.